1. ઋગ્વદમાં આલેખાયેલ સમાજવ્યવસ્થાનો ચિતાર આપો.

- હડપ્પીય નગરી સભ્યતા પછીના સમય દરમિયાન ભારતમાં વિકસેલી સભ્યતાને 'વૈદિક સંસ્કૃતિ' કહે છે. વૈદિક સંસ્કૃતિને બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (1) વૈદિક યુગ અને (2) અનુવૈદિક યુગ. વૈદિક યુગમાં આર્યોના ભારતમાં આગમનથી મહાભારતના યુદ્ધ સુધીના સમયનો તથા અનુવેદિક યુગમાં મહાભારતના યુદ્ધથી ગૌતમ બુદ્ધ સુધીના સમયનો સમાવેશ થાય છે.

વૈદિક યુગ : વૈદિક યુગમાં સર્વેદ અને તેમાં દર્શાવવામાં આવેલી સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક બાબતોનો સમાવેશ થાય છે. આર્યો પહેલાં ગોપજીવન ગાળતા હતા. પરંતુ સપ્તસિંધુના પ્રદેશમાં આવીને તેમણે સ્થાયી જીવનની શરૂઆત કરી. તેમની સભ્યતા 'ગ્રામ્ય સભ્યતા' હતી. તેમના સમાજનું એકમ કુટુંબ હતું. આર્યોમાં સામાજિક ભેદભાવ હજુ ઉદ્ભવ્યા ન હતા.

ઋગ્લેદકાલીન સમાજવ્યવસ્થા : 1. પિતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા : કુટુંબ એ આર્યોના સમાજનું પ્રથમ એકમ હતું. કુટુંબવ્યવસ્થા પિતૃપ્રધાન અને સંયુક્ત કુટુંબવાળી હતી. પરિણામે એક જ કુટુંબમાં ઘણા સભ્યો રહેતા. પિતા કુટુંબનો વડો હતો. તે 'કુલપતિ' કે 'કુલપ' કહેવાતો. કુલપનું પદ વંશપરંપરાગત હતું. પિતાની મિલકતનો વારસો પુત્રને જ મળતો. દત્તક પુત્ર લેવાની પ્રથા હતી. કુટુંબના બધા સભ્યો કુલપ(પિતા)ની આજ્ઞામાં રહેતા. કુલપ કુટુંબના કોઈ પણ સભ્યને તેના ખરાબ વર્તન માટે કે શિસ્તભંગ માટે કઠોર શિક્ષા કરી શકતો. જોકે આવા પ્રસંગો ભાગ્યે જ બનતા. સામાન્ય રીતે કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર પ્રેમ, સદ્ભાભાવ અને સહકારનું વાતાવરણ રહેતું. કુટુંબમાં અતિથિને 'દેવ' સમાન ગણી તેનો આદર - સત્કાર કરવામાં આવતો હતો.

2. મહિલાઓનું સ્થાન : કુટુંબમાં તથા સમાજમાં મહિલાનું સ્થાન ઘણું ઊંચું અને આદરપાત્ર હતું. તે પતિ સાથે ગૃહસંચાલન તથા યજ્ઞ જેવી ધાર્મિક વિધિમાં સરખો ભાગ લેતી. કુટુંબવ્યવસ્થા પુરુષપ્રધાન હોવાથી કટુંબમાં પુત્રના જન્મને ઉત્સાહથી વધાવી લેવામાં આવતો હતો. આમ છતાં, પુત્રીને ઉપેક્ષિત રાખવામાં આવતી ન હતી. પુત્રીને સારી કેળવણી આપવામાં આવતી. વેદયુગમાં પૌલોમી, અપાલા, ઘોષા, લોપામુદ્રા, વિશ્વવારા જેવી વિદુષીઓએ વેદોની ઋચાઓ રચી છે અને તેમને ઋષિ જેવું સન્માન મળ્યું છે. સર્વેદમાં તેમને 'ઋષિકા' અને 'બ્રહ્મવાહિની' તરીકે દર્શાવવામાં આવી છે. સમાજમાં પડદાપ્રથા, બાળલગ્ન કે સતીપ્રથાનો રિવાજ ન હતો. યુવક-યુવતી પુખ્તવયે પહોંચતાં પોતાના જીવનસાથીની પસંદગી પોતે જ કરી લેતાં. સામાન્ય રીતે તેમની પસંદગીને વડીલોની સંમતિ મળી જતી. સમાજમાં વિધવાવિવાહની છૂટ હતી. એક પતિ-પત્નીનો રિવાજ પ્રચલિત હતો. રાજવી કુટુંબોમાં એક કરતાં વધારે પત્નીઓ રહેતી, પત્ની વિના પતિ એકલો ધાર્મિક વિધિ કરી શકતો નહિ. મહિલાઓ ઉત્સવ પ્રસંગે સ્વતંત્રતાપૂર્વક હરીફરી શકતી અને નૃત્યોમાં ભાગ લઈ શકતી.

3. ખોરાક, પોશાક અને આનંદપ્રમોદ : આર્યો ખોરાકમાં ઘઉં, જવ, ચોખા, દૂધ, દહીં, ઘી, ફળફળાદિ તથા માંસ-માછલીનો ઉપયોગ કરતા. પુરુષો અને મહિલાઓ સામાન્ય રીતે બે વસ્ત્રો પહેરતા. શરીરના નીચેના ભાગનું વસ્ત્ર 'નીવિ' અને ઉપરના ભાગનું વસ્ત્ર 'વાસ' કહેવાતું. તેઓ ક્યારેક ઉપરના વસ્ત્ર ઉપર દુપટ્ટા જેવું 'અધિવાસ' લપેટતા. તેમનાં વસ્ત્રો સુતરાઉ અને ઊનનાં હતાં. મહિલાઓ અને પુરુષો કાનમાં કુંડલ પહેરતાં મહિલાઓ સોનાનાં ઘરેણાં અને મણિઓની માળા પહેરતી, જેમાં 'કુરીશ' નામનું ઘરેણું વિશેષ પ્રચલિત હતું. આર્યોનું જીવન આનંદ અને ઉલ્લાસથી ભરપૂર હતું. ઉત્સવ પ્રસંગે રથની હરીફાઈ થતી. આ ઉપરાંત આર્યો શિકાર, પાસાંની રમત, જુગાર, અશ્વદોડ, પશુઓની સાઠમારી તથા મલ્લકુસ્તીમાં ફરસદનો સમય વ્યતીત કરતા. ઉત્સવ પ્રસંગે નૃત્ય થતા. નૃત્ય માટે પુરુષો કરતાં મહિલાનો વધારે ઉત્સાહી રહેતી.

4. વણાશ્રમવ્યવસ્થા : આર્યોએ સમાજને ચાર પ્રકારના કાર્યવિભાગોમાં વહેંચી દીધો હતો : (1) બ્રાહ્મણ, (2) ક્ષત્રિય, (3) વૈશ્ય અને (4) શુદ્ર. દરેક વિભાગને 'વર્ણ' એવું નામ આપ્યું હતું. વર્ણોની આ યોજના વ્યક્તિના જન્મ ઉપર નહિ, પરંતુ તેના કર્મ ઉપર આધારિત હતી . આર્યોએ માનવીના જીવનના ચાર વિભાગો પાડ્યા હતા. જીવનના આ દરેક વિભાગને 'આશ્રમ' એવું નામ આપવામાં આવ્યું હતું : (1) બ્રહ્મચર્યાશ્રમ, (2) ગૃહસ્થાશ્રમ, (3) વાનપ્રસ્થાશ્રમ અને (4) સંન્યસ્તાશ્રમ.

## 2. વૈદિક ધર્મ વિશે માહિતી આપો.

- વૈદિક સાહિત્ય મુખ્યત્વે ધાર્મિક સાહિત્ય હોઈ તેમાંથી આર્યોના ધર્મ અને ધાર્મિક જીવન વિશે વિસ્તૃત માહિતી મળે છે. વૈદિક સંસ્કૃતિ ધર્મપ્રધાન હતી. તેમનો ધર્મ સાદગીપૂર્ણ હતો.

  વૈદિક ધર્મ : 1. પ્રકૃતિ પૂજા : આર્યો પ્રકૃતિનાં તત્વોને દેવ તરીકે માનતા. તે દેવોમાં માનવીય ગુણોનું આરોપણ કરીને તેમનો ક્રોધ શાંત કરવા અથવા તેમને પ્રસન્ન રાખવા તેઓ તેમની પ્રાર્થના કરતા. ઋગ્વદમાં દેવોને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યા છે : (1) પૃથ્વીલોકના દેવો : પૃથ્વી, અગ્નિ, સોમ, સરસ્વતી, પ્રજાપતિ. (2) અંતરીક્ષ(વાતાવરણ)ના દેવો : ઈન્દ્ર, રુદ્ર, મરુત, વાયુ, આપહ અને પર્જન્ય, (3) બુલોક (આકાશ)ના દેવો : વરુણ, મિત્ર, સૂર્ય, ઉષા, અશ્વિન, પુશાન, થી અને વિષ્ણુ. (4) ભાવરૂપ દેવો : શ્રદ્ધા અને મન્યુ.

  2. એકેશ્વરવાદ : આર્યો પ્રારંભિક અવસ્થામાં અનેક દેવી દેવતાઓમાં માનતા હતા, પરંતુ સરસ્વેદકાળમાં તેઓ એકેશ્વરવાદ સધી પહોંચી ગયા હતા. સર્વેદના દસમા મંડળની એક મંચામાં તેનો નિર્દેશ મળે છે.

  3. મૂર્તિપૂજાનો નિષેધ : વેદિક સમયના ધર્મમાં આટલા બધા દેવો હોવા છતાં તેમાં મંદિરો કે મૂર્તિપૂજાને સ્થાન ન હતું. તેઓ ખુલ્લી જગ્યામાં બેસી પ્રકૃતિનાં તત્ત્વોની પૂજા કરતા. તેમના દેવ, નિર્ગુણ અને નિરાકાર હતા.

  4. યજ્ઞપ્રધાન પુજાવિધિ : વૈદિક ધર્મ પ્રાર્થનાપ્રધાન અને યજ્ઞપ્રધાન હતો. લોકો ક્રિયાકાંડ કરવાને બદલે દેવોની પ્રાર્થના કરતા અને તેમને પ્રસન્ન કરવા યજ્ઞો કરતા.

  આ સમયના યજ્ઞો બે પ્રકારનાં હતાં : (1) ગૃહસ્થી એ રોજ કરવાનો યજ્ઞ. આ યજ્ઞ સાદો હતો. સામાન્ય રીતે કુટુંબનો વડો પોતે જ ધર્મપત્ની સાથે પણ કરતો. તેમાં પુરોહિતની જરૂર પડતી નહીં. લગ્ન, જન્મ, ઉત્સવ તથા અનાજની વાવણી વખતે આવા યજ્ઞો કરવામાં આવતા (2) રાજસૂય યજ્ઞ, અશ્વમેધ યજ્ઞ, વાજપેય યજ્ઞ અને સોમયજ્ઞ વગેરે ભવ્ય અને ખર્ચાળ હતા, તેમાં એક કરતા વધારે પુરોહિતોની જરૂર પડતી, કેટલીક વાર આ યજ્ઞો મહિનાઓ સુધી ચાલતા. આથી આવી યશો માત્ર રાજાઓ કે શ્રીમતો જ કરાવી શકતા.

  5. ધાર્મિક માન્યતાઓ : ઋગ્લેદકાલીન સમાજમાં આર્યો વિવિધ ધાર્મિક માન્યતાઓ ધરાવતા હતા. તેમને મશ્નોત્તર જીવનમાં તથા આત્માના અસ્તિત્વમાં શ્રદ્ધા હતી. તેઓ યમ, સ્વર્ગ અને નર્કમાં પણ માનતા હતા. મૃતદેહોને અગ્નિદાહ આપવાની કે દફન કરવાની એમ બંને પ્રથાઓ અમલમાં હતી.

## 3. વેદકાલીન ભારતની રાજકીય સ્થિતિ સ્પષ્ટ કરો.

- વૈદ તથા અન્ય વેદો, બ્રાહ્મણ ગ્રંથ, અરણ્યકો, ઉપનિષદો, રામાયણ, મહાભારત વગેરે સાહિત્યને આધારે વેદકાલીન રાજ્યવ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી મળે છે. શાસનવ્યવસ્થા : આર્યની શાસનવ્યવસ્થા રાજાશાહી પ્રકારની હતી. તેમના રાજકીય તથા સામાજિક જીવનનો પાયો કુટુંબ હતું. કુટુંબનો વડો 'કુલપ', 'કુલપતિ'

અથવા 'ગૃહપતિ' કહેવાતો. કેટલાંક કુટુંબો મળીને ગ્રામ બનતું. રાષ્ટ્રનું સૌથી નાનું એકમ ગ્રામ હતું. તેનો વડો 'ગ્રામણી' કહેવાતો. કેટલાંક ગ્રામો મળીને 'વિશ' બનતું. તેનો વડો 'વિશપતિ' કહેવાતો. આ વિશપતિઓમાંથી જ કોઈ બળવાન વિશપતિ 'રાજા' બનતો.

આ સમયનાં રાજ્યો વિસ્તારમાં નાનાં હતાં. તેઓ 'જનપદ' કહેવાતાં. તેનો વડો 'ગોપ' કે 'જનપતિ' કહેવાતો. તે ઉપરથી કેટલીક વખત રાજા 'જનપતિ' પણ કહેવાતો. વેદકાલીન રાજ્યવ્યવસ્થાનું સર્વોચ્ચ એકમ 'રાષ્ટ્ર' હતું. તેનો વડો 'રાજા' હતો. અનેક રાજાઓનો અધિપતિ શાસક 'સમ્રાટ' કહેવાતો અને અનેક રાષ્ટ્રોનો સમૂહ 'સામ્રાજ્ય' કહેવાતું. સમ્રાટ ઉપરાંત 'વિરાટ' રાજાઓનો પણ ઉલ્લેખ મળે છે.

1. રાજા : 'રાજા' રાષ્ટ્રનો સર્વોચ્ચ વડો હતો. વૈદિક યુગમાં રાજાની ચૂંટણી વિશપતિમો દ્વારા કરવામાં આવતી તેવા ઉલ્લેખ મળી આવે છે. સામાન્ય રીતે રાજા વિશાળ અને ભભકાદાર મહેલમાં રહેતો. પ્રજાનું અને ધર્મનું રક્ષણ કરવું તથા ન્યાય આપવો તે તેની પવિત્ર ફરજ ગણાતી. યુદ્ધ વખતે રાજા સૈન્યની આગેવાની લેતો. તે રાજ્યવહીવટનાં તમામ અંગો પર આધિપત્ય ભોગવતો હતો.

2. મંત્રીપરિષદ : રાજાને રાજ્યવહીવટમાં મદદ કરવા અને સલાહ આપવા માટે મંત્રીપરિષદ હતી. તેમાં પુરોહિત, સેનાની અને ગ્રામણી એ ત્રણ મુખ્ય અધિકારીઓ હતા. તેમના હાથ નીચે અન્ય નાના અધિકારીઓ પણ રહેતા. પુરૉહિત રાજ્યનાં અગત્યનાં કાર્યોમાં તથા નીતિવિષયક નિર્ણયો લેવામાં રાજાનો મુખ્ય સલાહકાર અને મદદકતાં હતો. તે રાજાની સત્તાને ધર્મની મર્યાદામાં રાખવાનું કાર્ય પણ કરતો. તે રાજાની સાથે યુદ્ધમાં પણ જતો અને રાજાના વિજય માટે પ્રાર્થના કે યજ્ઞો કરતો. સેનાની રાજ્યનો બીજો અગત્યનો અધિકારી હતો. તે લશ્કરની વ્યવસ્થા કરતો અને કેટલીક વખત રાજાની ગેરહાજરીમાં સૈન્યની આગેવાની પણ લેતો. રાજ્યનો ત્રીજો અધિકારી ચામણી હતો. તે રાજાના પ્રતિનિધિ તરીકે ગ્રામની વ્યવસ્થા કરતો અને યુદ્ધ સમયે પોતાના ગ્રામને ભાગે આવતા સૈનિકોને લઈને રાજાની સેવામાં હાજર થતો. ગ્રામના બધા જ સશક્ત પુરુષો રાજાને સૈનિક તરીકે સેવા આપવા બંધાયેલા હતા. સર્વોચ્ચ ન્યાયાધીશ તરીકે રાજા જાતે જ કાર્ય કરતો. રાજા અન્ય રાજ્યમાં પોતાના રાજદૂતો' મોકલતો અને 'જાસૂસો' પણ રાખતો.

3. લશ્કરી તંત્ર : લશ્કરમાં પાયદળ, અશ્વદળ અને રથદળ હતાં. સૈનિકને કવચ, કુંડલ અને ધાતુનો ટોપ ધારણ કરવાં પડતાં. સૈનિકોનાં શસ્ત્ર અને અસ્ત્રોમાં મુખ્યત્વે ધનુષ્ય, બાણ, ભાલા, ગુર્જ, દિધુ. અશનિ વગેરેનો સમાવેશ થતો હતો. ફરસવિષ્ણુ નામના યંત્રથી કિલ્લાઓ તોડવામાં આવતા.

4. સભા અને સમિતિ : રાજ્યવહીવટમાં રાજાને સલાહ આપવા તથા રાજ્યવહીવટમાં મદદ કરવા માટે અને અમુક અંશે રાજાની સત્તા ઉપર અંકુશ રાખવા માટે રાજ્યમાં 'સભા' અને સમિતિ' નામની બે મહત્ત્વપૂર્ણ લોકશાહી સંસ્થાઓ જન સંસ્થાઓ) હતી. સભા મુખ્ય આગેવાનો, શ્રીમંતો કે વડીલોની સંસ્થા હતી. તેમાં અગત્યના પ્રશ્નોની ચર્ચા થતી અને ન્યાય પણ અપાતો. આ સભાને વાણીસ્વાતંત્ર્ય હતું. 'સભા'ની તુલનામાં સમિતિ' એ વિશાળ સંસ્થા હતી. તેમાં રાજ્યની સમગ્ર જનતાના પ્રતિનિધિઓને હાજર રહેવાનો અધિકાર હતો. તેમાં રાજ્યના અતિ મહત્ત્વના નીતિવિષયક પ્રશ્નોની ચર્ચા-વિચારણા થતી. સમિતિના પ્રમુખ 'ઈશાન' કહેવાતો. મોટે ભાગે રાજા 'સમિતિ'નું પ્રમુખસ્થાન લેતો. સમિતિમાં ચર્ચા-વિચારણા વખતે ઉગ્ર મતભેદો ઊભા ન થાય તથા સમિતિની એકતા જળવાઈ રહે તેની રાજા ખાસ કાળજી રાખતો.

કેટલાક વિદ્વાનોને મતે 'સભા' અને 'સમિતિ' રાજાને પદભ્રષ્ટ કરી શકતી અને રાજાની ચૂંટણી પણ કરી શકતી. 'સભા' અને 'સમિતિ'માં સભ્યોને સંપુર્ણ વાણીસ્વાતંત્ર્ય અને વિચાર સ્વાતંત્ર્ય હતું. 'સભા' અને 'સમિતિ'માં 'સભા'નું રાજકીય મહત્ત્વ સવિશેષ હતું.

### 4.વેદકાલીન ભારતની આર્થિક સ્થિતિ વર્ણવો.

➢ ઋગ્વદ સમયના આર્યોની સંસ્કૃતિ ગ્રામીણ હતી. તેઓ સામાન્ય રીતે ગામોમાં રહેતા અને શહેરો નગરોથી અજાણ હતા. વેદકાલીન અર્થવ્યવસ્થા :

1. કૃષિ : લોકો પાસે પોતપોતાની માલિકીની સ્વતંત્ર વ્યક્તિગત અથવા કુટુંબોહસ્તક) જમીન હતી. ગામનું ગોચર સમસ્ત ગામની માલિકીનું ગણાતું. સ્વાભાવિક રીતે જ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો હતો. કૃષિ હળ અને બળદની મદદથી થતી અને તે વરસાદ પર આધારિત હતી. નદી તટે સિંચાઈની મદદથી પણ ખેતી થતી, ઘઉં, જવ, ડાંગર, કપાસ વગેરે મુખ્ય પાકો હતા. વર્ષમાં બે વાર પાક લેવાની પ્રથા હતી. ધાન્યને 'શકમ્' અથવા 'કરીષ' કહેતા.

2. પશુપાલન ખેતી જેટલો જ મહત્ત્વનો વ્યવસાય પશુપાલનનો હતો. ગાયોને પવિત્ર ગણવામાં આવતી. વાસ્તવમાં ગાયો જ તેમનું અગત્યનું ધન હતું. આથી પશુપાલકને 'ગૌપાલ' કહેતા. ગો શબ્દમાંથી અનેક શબ્દોનો ઉદ્ભવ થયો છે. ધનવાન વ્યક્તિને ગોમત' કહેતા. પુત્રીને 'દુહિતા' કહેવામાં આવતી. 'દુહિતા'નો અર્થ થાય છે જે ગાયનું દૂધ દોવે છે તે. યુદ્ધ માટે 'ગવેષણા' શબ્દનો ઉપયોગ થતો. 'ગવેષણા' શબ્દનો અર્થ ગાયોની શોધ કરવી' થાય છે. ગાયને 'કામદા' કહેતા. 'કામદા' એટલે 'તમામ ઇચ્છાઓ પૂરી કરવાવાળી'. ગાયો જલદી ઓળખાઈ આવે તે માટે તેના કાન ઉપર નિશાન કરવામાં આવતાં. ગાયના માધ્યમથી વિનિમય-વ્યવહાર થતો. આર્યો ગાયો ઉપરાંત બળદ, ઘોડાં, તરાં, ભેંસ, ઘેટાં બકરાં, ગધેડાં વગેરે પાળતા. ગોપાલો પોતાની સાથે કુતરા પણ રાખતા.

3. વેપારઃ આર્યો જમીનમાર્ગે બળદગાડી, રથ વગેરે દ્વારા અને જળમાર્ગે હોડીઓ અને વહાણો દ્વારા વેપાર કરતા, મોટા ભાગનો વેપાર 'પણિ' નામથી ઓળખાતા વેપારીઓના હાથમાં હતો. તેઓ સુતરાઉ તથા ઊનના કાપડ અને ચામડાંનો વેપાર કરતા. નાણાનું ચલણ બહુ વિકસ્યું ન હતું. મોટે ભાગે વસ્તુની કિંમત ગાયોમાં ગણવામાં આવતી. જોકે નિષ્ક' નામના સોનાના એક પ્રકારના સિક્કાનો ઉલ્લેખ મળે છે.

4. હુન્નરઉદ્યોગ : કૃષિ, પશુપાલન અને વેપાર ઉપરાંત આર્યો અમુક પ્રકારનાં ઉદ્યોગ-ધંધા પણ કરતા. તેમાં સુતરાઉ અને ઊનનું કાપડ કાંતવાના, વણવાના, રંગાટના તથા ભરતકામના ઉદ્યોગો મુખ્ય હતા. આ ઉદ્યોગો ગૃહઉદ્યોગો જેવા હતા.

આ ઉપરાંત સુથારીકામના, લુહારીકામના, ચર્મકામના, શિલ્પકામના અને માટી કામના ઉદ્યોગો પણ સારી રીતે વિકસ્યા હતા. અહીં એક બાબત નોંધપાત્ર છે કે સમાજમાં કોઈ પણ ધંધો હલકો કે ઊતરતી કક્ષાનો ગણાતો નહિ, બધા ધંધા કરનારાઓનું સમાજમાં સમાન સ્થાન હતું. દરેક ઉદ્યોગ-ધંધાને પોતપોતાનાં વ્યવસાયી મંડળો (શ્રેણીઓ) હતાં.

### 5.અનુવૈદિક ભારતની સામાજિક સ્થિતિ સમજાવો.

➢ ઈ. સ. પૂર્વે 1000 થી ઈ. સ. પૂર્વે 600 સુધીનો સમય 'અનુવેદિક' અથવા 'ઉત્તર વૈદિક' કહેવાય છે. ઉત્તર વેદકાલીન ભારતમાં કૃષિના ક્ષેત્રે વિશિષ્ટ પ્રકારની ક્રાંતિ જોવા મળે છે, જેની અસર ભારતીય સમાજજીવન પર

પડી હતી. અનુવેદિક સમાજ વર્ણવ્યવસ્થામાં વહેંચાયેલો હતો, સમાજમાં ચાર વર્ણ હતા : (1) બ્રાહ્મણ, (2) ક્ષત્રિય, (3) વૈશ્ય અને (4) શુદ્ર .

બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ણ સામાજિક રીતે વિશિષ્ટ અધિકારો ધરાવતા હતા અને અન્ય બે વર્ષો પર તેમનું નિયંત્રણ રહેતું હતું. વૈશ્ય અને શુદ્ર વર્ણ ઉત્પાદનકાર્ય સાથે જોડાયેલા હતા, પરંતુ તેમનો સામાજિક દરજો નિમ્ન કક્ષાનો હતો. બ્રાહ્મણવર્ણ ધર્મ, શિક્ષણ અને કર્મકાંડ સાથે સંબંધિત હતા,

જયારે ક્ષત્રિયવર્ણ વહીવટીતંત્ર અને રાજયવ્યવસ્થા સાથે જોડાયેલો હતો. વેશ્યવર્ણ કૃષિ, વેપાર, વાણિજય અને પશુપાલન સાથે જોડાયેલો હતો, જયારે શૂદ્રવર્ણ કારીગરોની શ્રેણીમાં આવતો હતો. અનુવૈદિક સમયમાં સામાજિક રીતે કુળનું મહત્ત્વ વધ્યું. અનુર્વેદિક સમાજ પિતૃસત્તાક હતો. ટ્વેદ પછીના વેદોમાં પુત્રપ્રાપ્તિ માટેની અનેક પ્રાર્થનાઓ જણાવે છે કે સમાજમાં પુરુષનું મહત્ત્વ વધ્યું હતું. સમાજમાં બહુપત્નીત્વ પ્રથા અસ્તિત્વમાં આવી હતી. વૈદિક કાળની સરખામણીમાં અનુવૈદિક કાળમાં મહિલાઓના સામાજિક દરજજામાં પરિવર્તન આવ્યું હતું. સંયુક્ત કુટુંબ પ્રથા પ્રચલિત હતી અને કુટુંબનો વડો તમામ નિર્ણયો લેતો હતો. વિદ્યાર્થી ગુરુ પાસે જઈને શિક્ષણ મેળવતો હતો. વેદ, ઈતિહાસ, પુરાણ અને શારીરિક શિક્ષણનું જ્ઞાન વિધાર્થીઓને આપવામાં આવતું હતું.